# અંકલેશ્વરમાં 30 એકરમાં તળાવ બનશે

**અંકલેશ્વર** GIDCમાં રૂ.૯૫ કરોડના ખર્ચે 'ભૃગુ નર્મદા સરોવર'નું નિર્માણ કરવામાં આવશે

**રાજ્યના** જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના મંત્રી ઈશ્વરસિંહ પટેલના હસ્તે ખાતમુહૂર્ત કરાયું

**30 એકરમાં** બનનારા સરોવરમાં ૬૫ MLD પાણીનો સંગ્રહ થશે, બે વર્ષમાં પ્રોજેક્ટ પૂર્ણ કરવાનો લક્ષ્યાંક





પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતમાં વધતી જતી પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે રૂ.૯૫ કરોડના ખર્ચે 30 એકર વિસ્તારમાં નિર્માણ પામનાર 'ભૃગુ નર્મદા સરોવર'નું રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના મંત્રી ઈશ્વરસિંહ પટેલના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. લાંબા ગાળાની પાણીની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને હાથ ધરવામાં આવેલા આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટને બે વર્ષમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. સરોવરનું નિર્માણ પૂર્ણ થયા બાદ તેમાં ૬૫ MLD પાણીનો સંગ્રહ થઈ શકશે, જે અંકલેશ્વર GIDCના ઔદ્યોગિક એકમો તેમજ રહેણાક વિસ્તારો માટે પાણીની ઉપલબ્ધતા વધારવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

અંકલેશ્વર દેશના અગ્રણી ઔદ્યોગિક કેન્દ્રોમાં સ્થાન ધરાવે છે. અહીં વિવિધ પ્રકારના નાના-મોટા ઔદ્યોગિક એકમો કાર્યરત હોવાની સાથે ઔદ્યોગિક વસાહતના રહેણાક વિસ્તારોમાં પણ વસતી અને પાણીની માંગમાં સતત વધારો થઈ રહ્યો છે. ઉદ્યોગોના વિસ્તરણ અને વધતી જતી વસતીને કારણે ભવિષ્યમાં પાણીની જરૂરિયાત વધુ વધવાની શક્યતા છે. આવા સંજોગોમાં પાણીના સંગ્રહ અને ઉપલબ્ધતામાં વધારો કરવા માટે ભૃગુ નર્મદા સરોવરનો પ્રોજેક્ટ મહત્ત્વપૂર્ણ બની રહેશે. રાજ્ય સરકાર, અંકલેશ્વર ઉદ્યોગ મંડળ અને નોટિફાઈડ એરિયા ઓથોરિટીના સંયુક્ત પ્રયાસોથી આ પ્રોજેક્ટ સાકાર થવા જઈ રહ્યો છે. સરોવરમાં પાણીના સંગ્રહ માટે ઉકાઈ યોજના, કરજણ સિંચાઈ યોજના અને ભાડભૂત બેરેજના જળસ્ત્રોતોનો ઉપયોગ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ જળસ્ત્રોતોના આધારે પાણીનો સંગ્રહ કરીને ઔદ્યોગિક વસાહતની પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે વ્યવસ્થા ઊભી કરવામાં આવશે.

આ ખાતમુહૂર્ત પ્રસંગે અંકલેશ્વર ઉદ્યોગ મંડળના પ્રમુખ વિમલ જેઠવા, નોટિફાઈડ એરિયા ઓથોરિટીના ચેરમેન પ્રબોધ પટેલ, નોટિફાઈડ ભાજપના પ્રમુખ જય તેરૈયા, મહંત ગંગાદાસ બાપુ, GIDCના અધિકારીઓ, ઉદ્યોગ મંડળના હોદ્દેદારો તથા ઉદ્યોગજગતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ઔદ્યોગિક વિકાસ અને શહેરી વિસ્તારોને ફાયદો થશે

ભૃગુ નર્મદા સરોવરનું નિર્માણ માત્ર પાણીના સંગ્રહ પૂરતું સીમિત ન રહેતાં અંકલેશ્વરના ઔદ્યોગિક વિકાસ અને શહેરી વિસ્તારોની ભવિષ્યની જરૂરિયાતો માટે પણ મહત્ત્વપૂર્ણ સાબિત થવાની આશા છે. પાણીની પૂરતી ઉપલબ્ધતા ઉદ્યોગોના સંચાલન માટે જરૂરી માળખાકીય સુવિધાઓમાંની એક હોવાથી આ પ્રોજેક્ટના અમલીકરણથી ઔદ્યોગિક વિકાસને પણ વેગ મળવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે. આગામી બે વર્ષમાં પ્રોજેક્ટ પૂર્ણ થાય તો અંકલેશ્વર GIDC માટે પાણીના આયોજનમાં એક મહત્ત્વપૂર્ણ ઉમેરો થશે.

# કોસંબા-ખરચ માર્ગ ઉપર બમ્પ ન મુકાય તો પ્રજા ધરણા કરશે

**કામગીરી** સાત દિવસમાં નહીં આટોપાય તો ઉગ્ર આંદોલનની ચીમકી



ઈબ્રાહીમ કાનુ

હથોડા: કોસંબા-ખરચ રોડ પર અકસ્માતોની વણઝાર અને તંત્રની નિષ્ક્રિયતા સામે સ્થાનિક નાગરિકો અને માંગરોળ તાલુકા કોંગ્રેસ કાર્યકરોમાં ભારે રોષ વ્યાપી ગયો છે. ગુરુવારે મોટી સંખ્યામાં લોકો અને કાર્યકરોએ માંગરોળના મામલતદાર તેમજ કાર્યપાલક ઇજનેરની કચેરી ખાતે પહોંચીને આવેદનપત્ર પાઠવ્યું હતું અને વિવિધ પાયાના પ્રશ્નો ઉકેલવા જોરદાર માંગણી કરી હતી.

આવેદનપત્રમાં જણાવ્યા મુજબ કોસંબા ફાટકથી હાંસોટને જોડતો આ મુખ્ય માર્ગ કોસંબાની ભાગોળેથી પસાર થાય છે, જ્યાં ગીચ વસતીવાળો રહેણાક વિસ્તાર આવેલો છે. અહીં વ્યવસ્થિત બમ્પનો અભાવ હોવાથી ચોવીસે કલાક ભારદારી લોડિંગ વાહનો પૂરઝડપે દોડે છે. ભૂતકાળમાં સર્જાયેલા ગંભીર અકસ્માતોમાં ૮થી ૧૦ નિર્દોષ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. વાહનોની અનિયંત્રિત ગતિના કારણે સ્થાનિક રહીશોની સુરક્ષા જોખમાઈ છે અને લોકો ઘરમાંથી બહાર નીકળતાં પણ ભય અનુભવી રહ્યા છે. ઉપરાંત ચોમાસા અને પાણીના નિકાલ માટે રસ્તાની બંને બાજુ કાંસ અને પુલિયા બનાવવાની પણ ભારે જરૂરિયાત છે. સાથે જ આ માર્ગ પર આવેલા ઓવરબ્રિજ પર રાત્રિના સમયે અંધારપટ છવાઈ જતો હોવાથી તાત્કાલિક ધોરણે સ્ટ્રીટ લાઈટ્સ ચાલુ કરવાની માંગ કરાઈ છે. વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર મૌન સેવી રહ્યું હોવાનો આક્ષેપ કરતાં રહીશોએ ચીમકી આપી છે કે જો આગામી સાત દિવસમાં તમામ કામગીરી શરૂ કરવામાં નહીં આવે તો લાચાર જનતા ઉગ્ર આંદોલન કરશે અને ધરણા વિરોધ પ્રદર્શન પર ઊતરશે. આ દરમિયાન થનારા કોઈપણ પરિણામ કે નુકસાન માટે સીધી જવાબદારી તંત્રની રહેશે.

## સંક્ષિપ્ત સમાચાર

### સાકી ગામની મહિલાનું ડૂબી જતાં મોત

પલસાણા: પલસાણાના સાકી ગામમાં મંદિર ફળિયા ખાતે રહેતા નીરૂબેન મુકેશભાઈ રાઠોડ (ઉં.વ.૪૭)એ અગમ્ય કારણસર નહેરના પાણીના પ્રવાહમાં પડી ગયાં હતાં. પાણીના વહેણમાં ગરકાવ થઈ જવાના કારણે ડૂબી જવાથી તેમનું મૃત્યુ થયું હતું. આ ઘટના અંગે સાકી ગામના જ રહીશ અને મજૂરીકામ કરતા મહેશભાઈ દિનેશભાઈ રાઠોડે તે જ દિવસે સાંજે સવા છ વાગ્યે પલસાણા પોલીસ મથકમાં સત્તાવાર જાણ કરી હતી. બનાવની જાણ થતાં જ પલસાણા પોલીસ સ્ટેશનનો સ્ટાફ તાત્કાલિક હરકતમાં આવ્યો હતો. આ બનાવ સંદર્ભે પલસાણા પોલીસે અકસ્માત મોત નોંધી કાર્યવાહી હાથ ધરી છે. હાલમાં આ સમગ્ર મામલાની વધુ તપાસ પલસાણા પોલીસ મથકના આસિસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર (એ.એસ.આઇ.) ભૂપતસિંહ અંદરસિંહ ચલાવી રહ્યા છે. મૃતક મહિલા કયા સંજોગોમાં નહેરમાં પડ્યાં તે દિશામાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

### સાંકીમાં છાતીમાં દુખાવો ઉપડતાં યુવાનનું મોત

પલસાણા: પલસાણાના સાંકીમાં રહેતા ૨૭ વર્ષીય યુવાનનું છાતીમાં અચાનક દુખાવો ઉપડ્યા બાદ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. મૂળ મહારાષ્ટ્રના ધુલિયાના શિરપુરના જેતપુર ગામના વતની અને હાલ પલસાણાના સાંકી ગામ ખાતે બલેશ્વર રોડ પર રઘુનાથ વિલા (મકાન નં.૨૬૪)માં રહેતા જયપાલસિંગ ચિંતામણભાઈ પરદેશી (ઉં.વ.૫૭) રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમનો ૨૭ વર્ષીય પુત્ર નિખિલ પણ રિક્ષા ડ્રાઇવર તરીકે કામ કરતો હતો. ગત તા.૧૪ ઓક્ટોબરે નિખિલને અચાનક છાતીમાં દુખાવો ઉપડતાં તેને તાત્કાલિક સારવાર અર્થે પ્લસ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો. જોકે, બપોરે ૧૨ વાગ્યાની આસપાસ સારવાર દરમિયાન નિખિલનું મોત નીપજ્યું હતું. આ આઘાતજનક બનાવ અંગે મૃતકના પિતા જયપાલસિંગ પરદેશીએ હોસ્પિટલ અને ત્યારબાદ સાંજે ૪ વાગ્યે પલસાણા પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. પોલીસે અકસ્માતે મોત નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### વઘરાલી ગામની સીમમાં સાત જુગારી ઝડપાયા

રાજપીપળા: ગરૂડેશ્વર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા વઘરાલી ગામની સીમમાં કપાસ તથા તુવેરના ખેતરમાં જાહેરમાં પત્તા-પાના વડે જુગાર રમતા સાત ઇસમોને પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસ પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે રેડ કરવામાં આવી હતી. આ દરમિયાન આરોપીઓ પાસેથી દાવ પરના અને અંગજડતીના મળી કુલ રૂ.૧૧,૪૯૦નો જુગારનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પકડાયેલા તમામ સાતેય આરોપી પુના તડવી, અશ્વિન તડવી, વિષ્ણુ તડવી, ભરત તડવી, વિપુલ તડવી, કવિરામ તડવી અને અર્જુન તડવી વિરુદ્ધ ગરૂડેશ્વર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

### રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી બે દિવસ ભરૂચની મુલાકાતે



ભરૂચ: રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી આગામી તા.૧૯ અને ૨૦ ઓક્ટોબરે ભરૂચ જિલ્લાના સંભવિત પ્રવાસે આવશે. રાજ્યપાલની આ પ્રેરક ઉપસ્થિતિમાં યોજાનારા કાર્યક્રમોના સુચારુ આયોજન અને વ્યવસ્થાના ભાગરૂપે કલેક્ટર ડો.નવનાથ ગવ્હાણેએ કલેક્ટર કચેરી ખાતે જિલ્લાના ઉચ્ચ અમલીકરણ અધિકારીઓ સાથે બેઠક રાખી હતી. ભરૂચ જિલ્લામાં રાજ્યપાલની મુલાકાતની મુખ્ય વિગતો અનુસાર, પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ અને ગ્રામ કલ્યાણ કાર્યક્રમ અન્વયે તા.૧૯ ઓક્ટોબરે ભરૂચ તાલુકાના હલદરવા ગામ ખાતે સ્વચ્છતા અભિયાન તેમજ રાત્રી સભામાં ગ્રામ્ય લોકો સાથે સંવાદ થશે. તા.૨૦ ઓક્ટોબરે બોરભાઠા ગામમાં રાજ્યપાલની ઉપસ્થિતિમાં "ગ્રામ કલ્યાણ કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ સ્વામિનારાયણ ગુરુકુળ, મુલદ ચોકડી, એનએચ ૫૬ ખાતેના કાર્યક્રમમાં રાજ્યપાલની ઉપસ્થિતિ નોંધાશે.

### કડોદરામાંથી મોબાઈલ ટાવરની ચોરીની ૪૫ બેટરી સાથે આરોપી ઝડપાયો



ઈલ્યાસ શેખ

પલસાણા: સુરત ગ્રામ્ય એલ.સી.બી. પોલીસે કડોદરા-નિયોલ રોડ પર આવેલા કડોદરા સીએનજી કટ સામેની એક દુકાનમાંથી ચોરાયેલી બેટરીઓનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે બાતમીના આધારે પાડેલા દરોડામાં મોબાઈલ ટાવરની રૂ.૨.૧૪ લાખની કિંમતની ૪૫ બેટરીઓ જપ્ત કરવામાં આવી છે. પોલીસે હરિયાણાના વતની અને હાલ ઉન પાટિયા રહેતા આશિફ સૈયદ ઇકબાલ સૈયદ (ઉં.વ.૨૫)ની અટકાયત કરી છે. ભેસ્તાનનો સોહેલ મંજુરખાન આ બેટરીઓ આપી ગયો હોવાની કબૂલાત કરી છે. આ કામગીરીથી અલથાણ અને ભેસ્તાન પોલીસ સ્ટેશનના ચોરીના બે ગુના ઉકેલાયા છે.

# ચિકદાની આંબાવાડી ગ્રામ પંચાયતમાં સરપંચ સામે અવિશ્વાસની દરખાસ્ત

**પાંચ** સભ્યોએ TDOને લેખિત રજૂઆત કરી

**વિકાસ** કામોના ઠરાવોના અમલમાં બેદરકારી અને મનરેગા હેઠળ મેટ નિમણૂકમાં અનિયમિતતાના આક્ષેપ



ચિકદા: ચિકદા તાલુકાની આંબાવાડી ગ્રામ પંચાયતમાં સરપંચ સામે અવિશ્વાસની દરખાસ્ત રજૂ થતાં સ્થાનિક રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. ગ્રામ પંચાયતના કુલ નવ સભ્યમાંથી પાંચ સભ્યોએ સરપંચ દીપકભાઈ ભીમસિંહભાઈ વસાવા સામે એકજૂટ થઈ તાલુકા વિકાસ અધિકારી સમક્ષ લેખિત રજૂઆત કરી છે. સભ્યોએ કાયદાની જોગવાઈ મુજબ આગળની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

TDOને આપવામાં આવેલી નોટિસમાં પાંચ સભ્યોએ સરપંચની કામગીરી સામે વિવિધ આક્ષેપો કર્યા છે. સભ્યોના જણાવ્યા અનુસાર અગાઉ ગ્રામ પંચાયતની સામાન્ય સભામાં બહુમતીથી પસાર કરાયેલાં વિકાસકામોના ઠરાવોનો યોગ્ય અમલ થયો નથી. ખાસ કરીને 1 એપ્રિલ, 2025ના રોજ પસાર થયેલા ઠરાવના અમલ અંગે પણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. ઉપરાંત મનરેગા યોજના હેઠળ મેટની નિમણૂક ગ્રામસભા અથવા ગ્રામ પંચાયતના અધિકૃત ઠરાવ વિના કરવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. પંચાયતના વહીવટી અને નાણાકીય નિર્ણયો લેતી વખતે ચુંટાયેલા સભ્યોને વિશ્વાસમાં લેવામાં આવતા ન હોવાનો પણ અસંતુષ્ટ સભ્યોએ દાવો કર્યો છે. ગાંધી જયંતીના અવસરે 2 ઓક્ટોબરે યોજાયેલી ગ્રામસભામાં પણ ગામના કામકાજને લઈને સવાલો ઊઠ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ગ્રામજનો દ્વારા વિકાસકામો અને પંચાયતની કામગીરી અંગે માહિતી માંગવામાં આવી ત્યારે સંતોષકારક જવાબો મળ્યા ન હોવાનો આક્ષેપ છે. કહે છે કે આ દરમિયાન સરપંચે ગ્રામજનોને ઉદ્દેશીને, "સત્તા મારા હાથમાં છે, તમારે શું?" એવો જવાબ આપ્યો હતો. સરપંચના કથિત નિવેદનને પગલે ગ્રામજનો અને પંચાયતના કેટલાક સભ્યોમાં નારાજગી ફેલાઈ હોવાનું જણાવાયું છે. જોકે, આ નિવેદન અને અન્ય આક્ષેપો અંગે સરપંચ તથા તલાટીનો પક્ષ જાણવો પણ જરૂરી છે. આ પાંચ સભ્યોએ તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરી સમયમર્યાદામાં ખાસ સભા બોલાવવા અને અવિશ્વાસની દરખાસ્ત અંગેની પ્રક્રિયા હાથ ધરવા માંગ કરી છે.

## માંડવીમાં નકલી ખાતરના કાળા કારોબારનો પર્દાફાશ

માંડવી: માંડવી પંથકમાં આદિવાસી ખેડૂતોને છેતરીને નકલી ખાતર પધરાવવાના કૌભાંડનો આખરે પર્દાફાશ થયો છે. જાગૃત ખેડૂતોની એકતા અને સુરત જિલ્લા નાયબ ખેતી નિયામક સમક્ષ કરાયેલી રજૂઆતને પગલે નકલી ખાતર વેચતા એગ્રો સંચાલકો અને મંડળીઓમાં ભારે દોડધામ મચી ગઈ છે. જાણીતી બ્રાન્ડ્સના હુબહુ પેકિંગ બનાવી, જીએસટી બિલ કે આધાર વેરિફિકેશન વિના ખેડૂતોને ઊંચા ભાવે ખાતર પધરાવતા આ વેપારીઓ હવે કાનૂની કાર્યવાહીના ડરથી ફફડી રહ્યા છે અને પોતાનો ગોરખધંધો છુપાવવા રાતોરાત શંકાસ્પદ માલ સપ્લાયરોને પાછો મોકલી રહ્યા છે. જોકે, સ્થાનિક ખેડૂત આગેવાનોએ મક્કમતાથી સ્પષ્ટ કરી દીધું છે કે માત્ર માલ સપ્લાયરને પાછો મોકલી દેવાથી આ માફિયાઓ પોતાની જવાબદારીમાંથી છટકી શકશે નહીં. ખેડૂતોની જમીન અને મોંઘા પાકને ભારે નુકસાન પહોંચાડનારા આ ગુનેગારો સામે કડકમાં કડક ફોજદારી (IPC) ગુનો દાખલ થવો જ જોઈએ તેવી બુલંદ માંગ ઊઠી છે. ઉપરાંત છેતરપિંડી આચરનારા એગ્રો સેન્ટરોના વેચાણ પરવાના કાયમ માટે રદ કરી ભોગ બનનાર ખેડૂતોને વળતર ચૂકવવાની માંગે જોર પકડ્યું છે.

## સંક્ષિપ્ત સમાચાર

### રાજપીપળામાં માર્ગ સલામતી બેઠક



દીપલ સોની

રાજપીપળા: નર્મદા જિલ્લામાં માર્ગ અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા અને માર્ગ સુરક્ષા વધુ સુદૃઢ બનાવવાના ઉદ્દેશથી કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે અધિક નિવાસી કલેક્ટર સી.કે.ઉંધાડની અધ્યક્ષતામાં માર્ગ સલામતી સમિતિની માસિક બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આપણા નાનકડા અને સમયસરના પગલાંથી કોઈનો કીમતી જીવ બચાવી શકાય તેમ હોય, તો તેવા દરેક પ્રયત્નો કરવામાં જરાય વિલંબ ન થવો જોઈએ. બેઠકની શરૂઆતમાં સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી શ્રીમતી નિમિષાબેન પંચાલે નક્કી કરેલા એજન્ડા અને જિલ્લામાં ચાલી રહેલી કામગીરીની વિગતવાર માહિતી રજૂ કરી હતી. તેમણે ઉમેર્યું કે, આરટીઓ, પોલીસ, નેશનલ હાઈવે ઓથોરિટી, ટ્રાફિક તથા માર્ગ અને મકાન વિભાગ દ્વારા સંયુક્ત રીતે અકસ્માત નિવારણ માટે સતત અને સઘન કામગીરી કરવામાં આવી રહી છે.

### ગણેશ સુગરમાં બોઇલર પ્રજ્જ્વલન વિધિ યોજાઈ



ભરૂચ: વાલિયાની ગણેશ સુગર ફેક્ટરી ખાતે આગામી પીલાણ સિઝન માટે બોઇલર પ્રજ્જવલિત વિધિ શાસ્ત્રોક્ત રીતે સંપન્ન કરવામાં આવી હતી. આ પ્રસંગે ફેક્ટરીના ચેરમેન મહેન્દ્રસિંહ મહિડા, કસ્ટોડિયન કમિટીના સભ્ય જીતેન્દ્રસિંહ જાદવ, ધર્મેન્દ્રસિંહ પરમાર, ચંદનભાઈ વસાવા, મહેન્દ્રભાઈ વસાવા તથા મેનેજિંગ ડિરેક્ટર અમરસિંહ રણા સહિત ફેક્ટરીના સ્ટાફે ઉપસ્થિત રહી પૂજા વિધિમાં ભાગ લીધો હતો. સુગરના ચેરમેન મહેન્દ્રસિંહ મહીડા અને સાથી ડિરેક્ટરો દ્વારા શાસ્ત્રોક્ત વિધિ અનુસાર પૂજા વિધિ સંપન્ન કરવામાં આવી હતી. ગણેશ સુગરની આગામી પીલાણ સિઝન માટેના આગોતરા આયોજનના ભાગરૂપે પ્લાન્ટ સાઇટનાં કામો પણ પૂર્ણ કરીને સુગરને ધગધગતી કરવામાં આવશે. જેથી સમયસર શેરડી પીલાણ કાર્ય શરૂ કરી શકાય. અત્રે ઉલ્લેખનીય છે કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ ફેક્ટરી દ્વારા સિઝન પહેલાં ધાર્મિક વિધિ કરવામાં આવી છે. જે ખેડૂતો અને ફેક્ટરીના સ્ટાફમાં ઉત્સાહનું વાતાવરણ સર્જે છે.

### કાકડવા ગામમાં જુગાર રમતા ત્રણ ઝડપાયા

રાજપીપળા: આમલેથા પોલીસ સ્ટેશન વિસ્તારના કાકડવા ગામે પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને જાહેરમાં જુગાર રમી રહેલા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ ટીમ આમલેથા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. ત્યારે બાતમી મળી હતી કે, કાકડવા ગામના હવેલી ફળિયામાં આંબલીના ઝાડ નીચે કેટલાક શખ્સો પત્તાપાનાનો જુગાર રમી રહ્યા છે. પોલીસે બાતમીવાળી જગ્યા પર અચાનક રેડ કરી હતી, જેમાં વિજેન્દ્રભાઈ ચંદ્રસિંગ વસાવા, કલ્પેશભાઈ ઉર્ફે વલુસિંગ ભીખુભાઈ વસાવા અને શનુભાઈ નાગજીભાઈ વસાવા રંગે હાથે ઝડપાઈ ગયા હતા. જ્યારે શૈલેષભાઈ ઉર્ફે કાલીયો ભગલ વસાવા અને જીત્યા શાંતિલાલ વસાવા પોલીસને જોઈને નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. પોલીસે આરોપીઓની અંગઝડતી અને દાવ પરથી કુલ ૯૫૦ રૂપિયા રોકડા તથા ૫૨ પત્તાના પાના જપ્ત કર્યા છે. આમલેથા પોલીસે પકડાયેલા અને ફરાર આરોપીઓ વિરુદ્ધ જુગાર ધારા કલમ-૧૨ મુજબ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે

### અંકલેશ્વરમાં ઈંટ વડે વૃદ્ધ પર હુમલો

અંકલેશ્વર: અંકલેશ્વરના જીતાલી ગામની ગાર્ડન સિટી સોસાયટીમાં ઈંટો બાબતે બે વયોવૃદ્ધ વચ્ચે બોલાચાલી બાદ હુમલો થવાની ઘટના સામે આવી છે. ૬૬ વર્ષીય દિનેશભાઈ અરજણભાઈ ભાયાણી પોતાના મકાન પાસે કામ કરાવી રહ્યા હતા, ત્યારે જોગેન્દ્રસિંગ રાજપૂરોહિતે આવીને 'તમે મારી ઈંટો કેમ લીધી?' તેમ કહી ઝઘડો કર્યો હતો. ત્યારબાદ ઉશ્કેરાયેલા જોગેન્દ્રસિંગે દિનેશભાઈને તમાચો મારી ઈંટ વડે માથા તથા મોં પર ત્રણ-ચાર પ્રહાર કરી લોહીલુહાણ કરી દીધા હતા. ઈજાગ્રસ્ત વૃદ્ધને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા છે. આ અંગે અંકલેશ્વર રૂરલ પોલીસે જોગેન્દ્રસિંગ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કડોદ-મીયાવાડી વિસ્તારમાં 'લોડ સેટિંગ' કરવાના નામે પાવરકાપ

**તહેવારો** ટાણે જ વીજ કંપનીના ધાંધિયા

**લોકો** અને ખેલૈયાઓમાં ભારે રોષ

કડોદ: તહેવારના દિવસોમાં જ દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડની લાપરવાહી સામે આવી છે. કડોદ-મીયાવાડી ગ્રામ પંચાયત વિસ્તારમાં ૬૬ કેવી સબ સ્ટેશનમાંથી પૂરો પાડવામાં આવતો વીજ પુરવઠો સતત ખોરવાઈ રહ્યો છે. તહેવારોના ટાણે જ 'લોડ સેટિંગ'ના બહાના હેઠળ સાંજના સમયે વારંવાર વીજ ગુલ કરી દેવામાં આવતાં સ્થાનિક ગ્રામજનો, વેપારીઓ અને ગરબે ઘૂમતા ખેલૈયાઓમાં ભારે નારાજગી અને આક્રોશ વ્યાપી ગયો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, દરરોજ સાંજે ૬ વાગ્યાથી લઈને રાત્રે ૧૧ વાગ્યા સુધીમાં અનેકવાર વીજળી ગુલ થઈ જાય છે. તહેવારની રોશની અને ધમધમાટના સમયે જ અંધારપટ છવાઈ જતાં લોકો ભારે અકળાઈ ઊઠ્યા છે. તહેવારોના દિવસોમાં વેપાર-ધંધાની મુખ્ય સિઝન હોય છે. સાંજના પ્રાઈમ ટાઈમમાં જ વીજ પુરવઠો ખોરવાઈ જતાં સ્થાનિક વેપારીઓ અને ધંધાદારીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા છે.

જેટકો-કડોદ ૬૬ કેવી સબ સ્ટેશનમાં સ્થાનિકો દ્વારા સંપર્ક કરવામાં આવતાં કર્મચારીઓ એવો જવાબ આપે છે કે, લોડ સેટિંગના કારણે વીજ પુરવઠો વડોદરાથી બંધ કરવામાં આવ્યો છે. આશ્ચર્યની વાત તો એ છે કે, જ્યારે સ્થાનિક લોકો વડોદરાના જવાબદાર અધિકારીઓનો સંપર્ક નંબર માંગે છે ત્યારે સબ સ્ટેશનનો સ્ટાફ નંબર આપવાની પણ ચોખ્ખી ના પાડી દે છે! આમ, જવાબદારીમાંથી છટકીને એકબીજા પર દોષનો ટોપલો ઢોળતી વીજ કંપનીની આ કામગીરી સામે હવે ઉગ્ર જનરોષ ફાટી નીકળ્યો છે. જો તાત્કાલિક ધોરણે તહેવારોમાં અવિરત વીજ પુરવઠો બહાલ કરવામાં નહીં આવે તો સ્થાનિકો દ્વારા ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

# એના નવરાત્રિ: નાનું મેદાન, ભીડને લીધે મહિલાઓની સુરક્ષાને જોખમ

**એમઆરપી** કરતાં વધુ ભાવ વસૂલાતાં જનતા લુંટાઈ

બારડોલી: નાંદીડા ચોકડી ખાતે ચાલી રહેલા એના નવરાત્રિ મહોત્સવમાં આયોજકોની નફાખોરી અને ગેરવ્યવસ્થાને કારણે ખેલૈયાઓ ભારે મુશ્કેલીમાં મુકાયા છે. ગરબા માટેનું મેદાન નાનું હોવા છતાં ક્ષમતા કરતાં વધુ પાસ પધરાવી દેવાતાં મેદાનમાં અતિશય ભીડ જામી રહી છે. પગ મૂકવાની પણ જગ્યા ન રહેતાં રાસ-ગરબા રમવા આવેલા ખેલૈયાઓમાં ભારે અસંતોષ ફેલાયો છે.

સૌથી ગંભીર બાબત એ છે કે, આ બેકાબૂ ભીડ વચ્ચે ગરબે ઘૂમવા આવતી માતાઓ અને દીકરીઓની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. પૂરતા સિક્યોરિટી સ્ટાફ કે યોગ્ય વ્યવસ્થાના અભાવે છેડતી કે અણછાજતી ઘટનાઓનું જોખમ વધી ગયું છે. આટલી મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોવા છતાં જિલ્લા પોલીસ તંત્ર જાણે કુંભકર્ણની નિદ્રામાં પોઢી રહ્યું હોય તેમ તમાશો જોઈ રહ્યું છે. આટલી ગંભીર પરિસ્થિતિ હોવા છતાં પોલીસ કોઈ નક્કર કાર્યવાહી કે બંદોબસ્ત કેમ ગોઠવતી નથી, તે બાબતે અનેક ચર્ચાઓ જાગી છે.

બીજી તરફ નવરાત્રિ ડોમની અંદર આવેલા ખાણીપીણીના સ્ટોલ્સ પર ખેલૈયાઓ અને પરિવારજનોની ખુલ્લેઆમ લૂંટ ચલાવવામાં આવી રહી છે. પાણીની બોટલથી માંડીને પેક્ડ નાસ્તાની વસ્તુઓ પર પ્રિન્ટેડ એમઆરપી કરતાં પણ બેફામ વધુ ભાવ વસૂલવામાં આવી રહ્યા છે. ગ્રાહક સુરક્ષા અને તોલમાપ વિભાગના નિયમોના ખુલ્લેઆમ ધજાગરા ઊડી રહ્યા હોવા છતાં સ્થાનિક વહીવટી તંત્ર સાવ લાચાર બનીને બેઠું છે. નફાખોરી અને લૂંટ ચલાવતા સ્ટોલ સંચાલકો તેમજ નિયમો નેવે મૂકનારા આયોજકો સામે તંત્ર તાત્કાલિક દંડાત્મક પગલાં ભરે તેવી લોકમાગ ઊઠી છે.


Milano MULTIPLEX

બારડોલી

Drishyam:The Conclusion
12:00pm, 06:00pm

Rajni The Jailer 2
10:00am, 01:00pm, 03:00pm, 07:00pm, 09:00pm, 10:00pm

Nayyi Navelli - 04:00pm

Street Fither - 11:00am, 05:00pm

Prahar The Untold Of Ujjwal Nikam - 02:00pm, 09:30pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333



## :: વેચાણ અંગેની જાહેર નોટીસ ::

આથી લાગતા - વળગતા તમામને જણાવવાનું કે, અમો નીચે સહી કરનાર મોહનભાઇ ડાહ્યાભાઇ તથા ભગવાનભાઇ ડાહ્યાભાઇ, રહે. ઢુંઢેશા, તા. મહુવા, જી. સુરતમાં અમારી સંયુક્ત માલિકીની વડીલોપાર્જીત જમીન કે જે સુરત ડીસ્ટ્રીક્ટ, તાલુકા: મહુવા ના ગામ મોજે : ઢુંઢેસા ની જમીન કે જેનો સરવે નંબર: ૧૬૩, હે.. આરે. ૩-૯૦-૦૦ ચો.મી. અને આકાર રૂા. ૩૩.૫૦ પૈસા વાળી જમીન માં અમારો વણ વહેંચાયેલ હિસ્સો હે. ૧-૩૦-૦૦ ચો.મી. ચાલી આવેલ છે તથા સર્વે નંબર:૧૬૨ વાળી અમો મોહનભાઇ ડાહ્યાભાઇ તથા ભગવાનભાઇ ડાહ્યાભાઇ, રહે. ઢુંઢેશા, તા. મહુવા, જી. સુરતની સંયુક્ત માલિકી જમીન જેનું ક્ષેત્રફળ ૧૫૦ ગુંઠા ચાલી આવેલ છે. જે જમીનો અમો વેચાણ કરવા માંગોએ છોએ. જેથી અમો જમોન માલિક સદરહુ જમીન નબોજી, નકરજી હોઇ સદરહુ જમીન ઉપર કોઇનો પણ કોઇપણ જાતના ખોરાકી-પોષાકીનો હકક-હિસ્સો કે લાગભાગ, દર-દાવો નથી કે સદર મિલકત બાબતે કોઇને સાટાખત વિગેરે કરી આપેલ નથી કે સદરહુ જમીન ઉપર બેંક અગર બેંકોનું લીયન કે ચાર્જ નથી. એમ જણાવી સદર જમીન તદ્દન ચોખ્ખી અને માર્કેટેબલ ટાઇટલવાળી હોવાનું જણાવેલ છે. સદરહુ જમીનનો કબજો પણ અમોએ ખરીદનારને આપવાનો રહેશે. સબબ, સદર જમીન બાબતે જો કોઇ સરકારી, અર્ધ-સરકારી, ખાનગી કે જાહેર વ્યકિત, બેંક, સંસ્થા કે કચેરીનો કે કોઇ વ્યકિતનો હકક - હિસ્સો લાગ-ભાગ કે દર-દાવો હોવાનું જણાવે તો તેવી દરેક વ્યકિતઓએ લેખિત પુરાવાઓ સહિત અમોને નીચે જણાવેલ સરનામે દિન- ૭ માં સંપર્ક કરવો. મુદ્દત વિત્યે કોઇના કોઇપણ જાતના તેવા વાંધા-વિરોધ કે તર-તકરાર ચલાવી લેવામાં આવશે નહીં અને સદર મિલકત બાબતેના ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું માની લઇને આગળની કાર્યવાહી કરવામા આવશે. જેની સબબ નોંધ લેવી.

અમારી સુચના અને ફરમાઇશથી
મોહનભાઇ ડાહ્યાભાઈ
ભગવાનભાઇ ડાહ્યાભાઇ

અમારી મારફત
બી.એ.શેખ, એડવોકેટ & નોટરી
જનતા સેવા કોમ્પલેક્ષ એમ.જી. રોડ બારડોલી, તા. બારડોલી. મો. ૯૯૦૪૦ ૫૮૩૦૬